# બૉમ્બ બ્લાસ્ટ

--વીજય શાહ

તે દીવસે અલ્પા અને નીરવ નાનકડા સેતુને લઈને ઝઘડ્યાં. આમ તો એમનું જીવન બે સમાંતર પાટા જેવું હતું. ક્યારેય કોઈ વાત પર એકમતી નહીં. નીરવ અને એનું કમ્પ્યુટર. બસ.

ચા પીવાની જ્યારે તલપ લાગે ત્યારે નીચે આવવાનું. ચા ઉકળે ત્યાં સુધી સેતુને રમાડવાનો, ગબડાવવાનો અને ટી-બ્રેક પતે અને પાછું એના એ 'ક્લીક ક્લીક'ના જગતમાં ગુમ થઈ જવાનું. રુપીયાનો તો ઢગલો થતો; પણ અલ્પા તેને કહેતી  કે, 'ઘરે રહી કામ કરવાનો મતલબ એવો નથી કે ચોવીસે કલાક એકનું એક 'ક્લીક ક્લીક' કર્યા કરવાનું. સેતુ પહેલાં હું છું અને ઘરગૃહસ્થી પણ છે..'

નીરવ અલ્પાને કહેતો કે આ  ક્લીક ક્લીક છે તેથી તો રુપીયા ઘરમાં આવે છે અને આ સ્પર્ધાના જમાનામાં જ્યારે તમને કામ મળતું હોય તો મોં ધોવા જનારને તકલીફ થતી હોય છે. સેતુનું બચપણ જતું રહેશે; તું અને હું ક્યાં જતા રહેવાના છીએ? ધંધા ને જરાક ધીમો પડવા દે. હમણાં તો ટાઈમને જરાય બગડવા દેવાય તેમ નથી.

અલ્પા તેની બહેનોનાં જીવન જોઈ નીસાસા નાખતી અને બબડતીય ખરી કે આના કરતાં કોઈ બેઠી નોકરીવાળાને પરણી હોત તો એટલું તો સારું હોત કે સાંજ પડે વર ઘરે આવે અને સાથે બેસીને ટીવી સીરીયલ તો  જોવાય !

ડેડ લાઈનને પહોંચી વળવાની ધમાલમાં તે દીવસે અલ્પાએ સોંપેલું સેતુ માટે દવા લાવવાનું કામ તો રહી જ ગયું. આ વાતે વતેસર કર્યું અને માંદા સેતુને લઈને તે ખુબ જ લડી, પછી ખુબ જ રડી અને સેતુને લઈ તે કાંદીવલી પોતાને પીયર નીકળી ગઈ.

અલ્પાને નીરવ બહુ જ ગમતો પણ તેનાં આગ્રહયુક્ત વલણો નીરવને પજવતાં અને તેને ત્રાસરુપ લાગતાં. તેથી તે કહેતો કે સેતુને મુકી તારે જ્યાં જવું હોય ત્યાં જા. તેથી આજે તો અલ્પા માંદા સેતુને  જીદ કરીને ધરાર લઈ જ ગઈ. જો કે તેના મનમાં તો એવું હતું કે  નીરવના કામધંધાની ડેડ લાઈન પતી જાય ત્યાં સુધી સેતુ માંદો રહે તે કેમ ચાલે?

નીરવને અલ્પાની જીદ ગમતી નહોતી અને ખાસ કરીને કામના સમયે તો બીલકુલ જ નહીં. આજની રડારોળથી તો તે ત્રાસી ગયો હતો અને એમાં પાછું તેના કમ્પ્યુટના હાર્ડ ડ્રાઈવને આજે જ ક્રેશ થવાનું સુઝ્યું. એનો બધો જ ગુસ્સો અલ્પા પર ઉતર્યો અને એના વલવલાટમાં એનાથી બોલાઈ ગયું કે, 'સમજતી પણ નથી ને વચ્ચેથી ટળતી પણ નથી !'

કંટાળીને તે નીચે ચા પીવા ઉતર્યો. તેને સેતુની યાદ આવી. તે તો હતો નહીં ! તેણે ટીવી ચાલુ કર્યું અને તેને ફાળ પડી ! બૉમ્બ બ્લાસ્ટથી આખું મુંબઈ ખળભળી ઉઠ્યું હતું ! તેના મનને ચીન્તાએ એકદમ ઘેરી લીધું. આ અલ્પુડીને આજે જ કાંદીવલી જવાનું સુઝ્યું ! મન એક વીચીત્ર પ્રકારની અવઢવ અને આશંકાથી ખીન્ન થઈ ગયું.

તેણે મોબાઈલ ફોન કર્યો. રીંગ વાગ્યા કરતી હતી. તેણે મનમાંને મનમાં પોતાની જાતને ખુબ જ ભાંડી. થયું કે  અલ્પા, તું જ સાચી છે. હું રુપીયા પાછળ ઘેલો થયો હતો.

તેણે મનોમન પ્રભુને યાદ કરી મા-દીકરાનું ક્ષેમ અને ક્ષમા બંને યાચ્યાં. તે કાંદીવલી ફોન કરીને વાત કરવાની હીંમત એકઠી કરતો હતો ત્યાં જ ફોન રણક્યો : 'નીરવ ટેક્સી નહોતી મળી એટલે બચી ગઈ છુ.'

નીરવ છુટ્ટા મોઢે રડી પડ્યો..અલ્પાને પણ નવાઈ લાગી. પણ આ ત્રણ વર્ષના લગ્નજીવનમાં પહેલી વખત એને સારું લાગ્યું કે નીરવ સેતુને એકલાને નહીં; તેને પણ ચાહે છે. ટેક્સી કરીને તે ઘરે પાછી વળી ગઈ. નવા નીરવને પામવા..

--વીજય શાહ, હ્યુસ્ટન, ટેક્સાસ, અમેરીકા. ઈ મેઈલ સંપર્ક : vijaykumar.shah@gmail.com

## શ્રી વીજય શાહ



## સર્જક-પરીચય

આઠમા ધોરણમાં ભણતા એ છોકરાની પહેલી વાર્તા 'જન્મભુમી પ્રવાસી'ના 'નુતન ગુજરાત'ના બાળવીભાગમાં પ્રગટ થઈ. ત્યારે મીત્રોની આંખમા ઈર્ષ્યા નહીં, સ્નેહાદર જોવા મળ્યો. બહેન પ્રતીભાએ ' આ તો સરસ્વતીનું વરદાન કહેવાય' કહી, ભાઈ વીજયની કાપલીઓ ને ચબરખીઓ સાચવવા માંડી અને પોરસાવતી ગઈ. પછી તો લખાતું જ ગયું. લગ્ન પછી ઉર્મીકાવ્યોનું પ્રમાણ વધ્યું. વીશાળ વાચને ને વીશેષતઃ સ્વેટ માર્ટન અને વનરાજ માળવીના લખાણોનાં પરીશીલનથી જગતને જોવાની દ્દષ્ટી બદલાઈ. સમાજની સમસ્યાઓને હકારાત્મક અભીગમથી આલેખવાની તાજગી એમની કલમમાં ઉમેરાઈ.

'હું એટલે તમે', 'તમે એટલે મારું વીશ્વ' કાવ્યસંગ્રહો પછી અમેરીકન કાવ્યોની અનુભુતી નીરુપતું તેમનું ' મારા વીશ્વમાં આપણે ' પુસ્તક વેબરુપે મુકાયું. ' અમે પથ્થરના મોર, કેમ બોલીએ?' નવલીકાસંગ્રહ પછી તો 'કમ્પ્યુટર શીખવું અઘરું નથી', 'કર્મ તણી ગતી ન્યારી', 'શેરબજારની વીકસતી ક્ષીતીજો' જેવા સફળ અનુવાદોમાં પણ કલમ ચાલી છે. 'ગુજરાતી સાહીત્ય સરીતા, હ્યુસ્ટન'ના તેઓ સક્રીય સભ્ય છે.

પત્ની રેણુકાબહેન, વીજયભાઈની કલમને એમનો નશો અને જરુરીયાત સમજી સર્જક 'વીજય'ને સાચવે છે. અમે પણ એમને બીરદાવીએ..

--હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક ‘સન્ડે ઈ-મહેફીલ ’ માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન **‘તબલાં અને રસોઈ’** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : બે -- અંક : ૫૯ -- જુલાઈ ૨૩, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ ‘વીદેશ-સર્જનોત્સવ’ ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર : uttamgajjar@hotmail.com

Address:
**Harnish Jani**
4, Pleasant Drive,
**Yardville**
NJ 08620-**USA**
Phone-609-585-0861 : email : harnish5@yahoo.com